રાજ્યના ખેડૂતોને રાહત આપવાના હેતુસર ખેતીના હેતુ માટે અપાતા પાણીના દરોમાં સિંચાઇ વર્ષ ૨૦૧૬-૧૭ માટેનો ભાવ વધારો એક વર્ષ પૂરતો (એટલે કે તા.૧૬/૦૬/૨૦૧૬ થી તા.૧૫/૦૬/૨૦૧૭ સુધી) માફ કરવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઠરાવ ક્રમાંક: આઈઆરઆર/૨૦૧૫/૨૦૨૯૪૬/પી
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૬/૦૭/૨૦૧૬.

વંચાણે લીધાં:

(૧) નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંક: ડબલ્યુટીઆર/૨૦૦૫/૪૧/પી, તા.03/૦૨/૨૦૦૭.

(૨) નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈઆરઆર/૨૦૧૫/૨૦૨૯૪૬/પી, તા.૨૮/૦૪/૨૦૧૫.

પૂર્વભૂમિકા:

રાજ્યના સિંચાઈ જળાશયો, નહેરો, નોટિફાઈડ નદીઓ વગેરેમાંથી ખેતી વિષયક હેતુઓ અને બિનખેતી વિષયક હેતુઓ માટે અપાતા પાણીના દર અને તેની શરતો સંદર્ભ: (૧) માં દર્શાવેલ તા.03/૦૨/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક: ડબલ્યુટીઆર/૨૦૦૫/૪૧/પી અન્વયે નક્કી કરવામાં આવેલ છે. આ ઠરાવને અનુરૂપ રહીને ખેતી અને બિનખેતી હેતુઓ માટે અપાતા પાણીના દરો અને શરતો Gujarat Irrigation and Drainage Rules,2014ના નિયમ:૧૩ હેઠળ આ નિયમોના Scheduleથી વૈધાનિક નિયમો સ્વરૂપે અમલમાં છે.

જળસંપત્તિ વિભાગ દ્વારા ખેતી વિષયક હેતુઓ માટે અપાતા પાણીના દરમાં પ્રતિ સિંચાઈ વર્ષે, એટલે કે દર વર્ષની તારીખ ૧૬ મી જૂન થી ૭.૫ % ના દરે ઉત્તરોત્તર વધારો કરવાની જોગવાઈ અમલમાં છે. ખેતી વિષયક હેતુઓ માટે અપાતા પાણીના દરોમાં ઉત્તરોત્તર થતા વધારા સંબંધે રાજ્ય સરકારને વિવિધ રજૂઆતો મળેલ. જેની વિગતોને ધ્યાને લેતાં, ખેતીના હેતુથી આપવામાં આવતાં પાણીના દરોમાં પ્રતિ સિંચાઇ વર્ષે ૭.૫ ટકાના ધોરણે ઉત્તરોત્તર વધારો કરવાની હયાત જોગવાઈ સંબંધે રાજ્યના ખેડૂતોને રાહત આપવા સારૂં સિંચાઈ વર્ષ ૨૦૧૫-૧૬માં થનાર ભાવવધારાને સંદર્ભ: (૨) સામેના તા.૨૮/૦૪/૨૦૧૫ના ઠરાવથી સ્થગિત રાખવામાં આવેલ.

સિંચાઈના પાણીના દરોમાં ઉત્તરોત્તર ૭.૫ %ના ધોરણે થતા ભાવવધારાને વર્ષ ૨૦૧૬-૧૭ માટે પણ સ્થગિત રાખવા સિંચાઈ મંડળીઓના ફેડરેશન દ્વારા સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવેલ.

(પાછળ)

**ઠરાવ:**

જળસંપત્તિ વિભાગ દ્વારા સિંચાઇ માટે અપાતા પાણીના દરોમાં પ્રતિ સિંચાઇ વર્ષે ૭.૫ ટકાના ધોરણે ઉત્તરોત્તર વધારો કરવાની જે જોગવાઈ અમલમાં છે તે બાબતે સિંચાઈ વર્ષ ૨૦૧૫-૧૬માં થનાર ભાવવધારાને સ્થગિત રાખવામાં આવેલ.આ બાબતે સરકાર સમક્ષ કરવામાં આવેલ રજૂઆતો ઉપર થયેલ કાળજીભરી વિચારણાને અંતે, રાજ્યના ખેડૂતોને રાહત આપવાના હેતુથી સિંચાઈના હેતુથી અપાતા પાણીના દરોમાં સિંચાઇ વર્ષ ૨૦૧૬-૧૭ માટે તા.૧૬ મી જૂન-૨૦૧૬ થી ૭.૫% લેખે અમલમાં આવનાર ભાવ વધારાને વધુ એક વર્ષ પૂરતો (એટલે કે તા.૧૬/૦૬/૨૦૧૬ થી તા.૧૫/૦૬/૨૦૧૭ સુધી) સ્થગિત કરવામાં આવે છે.

આથી, સતત બીજા વર્ષે પિયાવાના દરોમાં વાર્ષિક ભાવવધારો સ્થગિત રહેતાં, સિંચાઈ વર્ષ ૨૦૧૪-૧૫માં તા.૧૬/૦૬/૨૦૧૪ ની અસરથી અમલમાં આવેલ પિયાવાના દરો તા.૧૫/૦૬/૨૦૧૭ સુધી યથાવત રાખવાના રહેશે.

આ હૂકમો સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૩/૦૬/૨૦૧૬ની નોંધથી મળેલ સંમતિ અનુસંધાને પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(એમ.જી.ધનગર)
ઉપસચિવ
નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન ,ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/ નાયબ મંત્રીશ્રીઓ/ સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો .
- નર્મદા,જળસંપત્તિ, પા.પુ. અને કલ્પસર વિભાગના સર્વે સચિવશ્રીઓ /સર્વે મુખ્ય ઈજનેરશ્રી સચિવાલય,ગાંધીનગર.
- સર્વે કલેક્ટરશ્રીઓ અને સર્વે જિલ્લા વિકાસઅધીકારીશ્રીઓ.
- નર્મદા,જળસંપત્તિ,પા.પુ.અને કલ્પસર વિભાગના સર્વે અધીક્ષક ઈજનેરશ્રીઓ. **(૨ નકલમાં)** ***(તેમના નિયંત્રણ હેઠળના સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓને લેખિત સૂચના પાઠવીને આ ઠરાવનો અમલ કરવાની સૂચના પાઠવવા સારૂં)***
- મેનેજીંગ ડિરેક્ટર, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટર, ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડ, ગાંધીનગર.
- ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ,ગુજરાત રાજ્ય,રાજકોટ/ અમદાવાદ.
- નિયામકશ્રી, જળ અને જમીન વ્યવસ્થાપન સંસ્થા,(વાલ્મી) ,આણંદ.
- નિયામકશ્રી, ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા, વડોદરા.
- ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, કૃષિ ભવન,સેક્ટર:૧૦, ગાંધીનગર.
- નાણાં શાખા (જળસંપત્તિ),બ્લૉક નં-૯/૧, સચિવાલય,ગાંધીનગર.
- નર્મદા,જ.સં.,પા.પુ. અને કલ્પસર વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાઓ.
- માહિતી કમિશનર, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર: ૧૦,ગાંધીનગર.
- મુખ્ય માહિતી અધીકારીશ્રી, નર્મદા,જ.સં.,પા.પુ. અને કલ્પસર વિભાગ, સચિવાલય ગાંધીનગર. *(આ ઠરાવ જળસંપત્તિ વિભાગની વેબસાઈટમાં મુકવાની ત્વરિત કાર્યવાહી કરવા સારૂં)*
- સિલેક્ટ ફાઇલ.